Date :- 29-01-2024
Sandesh, Page-07, Surat

### પાલિકા કમિશનર ૨૦૨૩-૨૪નું રિવાઇઝ્ડ અને ૨૦૨૪-૨૫નું ડ્રાફ્ટ બજેટ રજૂ કરશે

# મેટ્રો-બુર્સ સિટી સુરતનું આજે દમદાર બજેટ

**પાલિકાની હલચલ**

## ડ્રાફ્ટ બજેટ, કેપિટલ ખર્ચ નવી ઊંચાઇ આંબશે : આઇકોનિક પ્રોજેક્ટ પર વધુ ભારની શક્યતા

। સુરત ।

પાછલા એક વર્ષમાં સુરત શહેર સિદ્ધિના અનેક સોપાનો સર કર્યા છે. સુરત શહેરની કાયાપલટ માટે અનેક પ્રોજેક્ટો સાકાર કરાયા છે. ખાસ કરીને ડાયમંડ બુર્સને કારણે સુરત વૈશ્વિક ફલક પર છવાયું છે. જ્યારે મેટ્રો રેલ પ્રોજેક્ટની કામગીરી પણ પૂરપાટ ઝડપે આગળ ધપી છે. એવામાં હવે મેટ્રો અને બુર્સ સિટી તરીકે નવી ઓળખ પ્રસ્થાપિત કરનારા સુરત શહેરનું દમદાર બજેટ સોમવારે પાલિકા કમિશનર શાલિની અગ્રવાલ રજૂ કરશે. પાલિકા કમિશનર ૨૦૨૩-૨૪નું રિવાઇઝ્ડ અને ૨૦૨૪-૨૫નું ડ્રાફ્ટ બજેટ રજૂ કરી તેને ચૂંટાયેલી પાંખને સુપરત કરશે. દરમિયાન ઝડપી આર્થિક વિકાસનો પર્યાય બની ગયેલા સુરત શહેરમાં ડ્રાફ્ટ બજેટ અને કેપિટલ ખર્ચ નવી ઊંચાઇ આંબશે એવું માનવામાં આવી રહ્યું છે.

છેલ્લા એક પખવાડિયાથી પાલિકાના વહીવટી તંત્ર દ્વારા બજેટને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. વિવિધ વિભાગ, ઝોનના અધિકારીઓ સાથે બેઠકોના દોર બાદ આખરે સોમવારે પાલિકા કમિશનર શાલિની અગ્રવાલ ડ્રાફ્ટ બજેટ રજૂ કરશે. બજેટનું કદ વર્તમાન નાણાકીય વર્ષ કરતા મોટું રહેવાના અણસાર સેવાઇ રહ્યા છે. ખાસ કરીને હાલમાં અનેક આઇ કોનિક પ્રોજેક્ટો નિર્માણાધીન હોય તેને પ્રાધાન્ય આપવાની શક્યતા સેવાઇ રહી છે. ગત વર્ષે ડાયમંડ બુર્સ સિવાય પાલિકાનું વહીવટી ભવન, સુરત રેલવે સ્ટેશન, મેટ્રો રેલ, રિવરફ્રન્ડ પ્રોજેક્ટ, ડુમસ સી-ફેઝ પ્રોજેક્ટ, બાયોડાયવર્સિટી પાર્ક જેવા પ્રોજેક્ટો માટે ગત બજેટમાં જોગવાઇ કરવામાં આવી હતી. આ પ્રોજેક્ટોની કામગીરી હાલમાં ચાલી રહી હોય નવા નાણાકીય વર્ષમાં તે ઝડપી થાય અને વધુને વધુ કામગીરી થાય તેના પર ભાર મુકાશે. વધુમાં, ગત વર્ષે ૭૭૦૭ કરોડનું ડ્રાફ્ટ બજેટ રજૂ કરાયું હતું. જ્યારે ૩૭૦૦ કરોડના કેપિટલ ખર્ચનો અંદાજ સેવાયો હતો. તે સામે હમણાં સુધીમાં ૨૩૦૦ કરોડનો ખર્ચ થયો હોય માર્ચ-૨૦૨૪ સુધીમાં તે આંકડો ૩ હજારને પાર કરી જશે એવો મત અપાઇ રહ્યો છે.

### પાલિકાનું બજેટ રિયલાસ્ટિક રહેવાનો કમિશનરનો મત

પાલિકા કમિશનર શાલિની અગ્રવાલે પાલિકાનું આ વર્ષનું ડ્રાફ્ટ બજેટ રિયલાસ્ટિક રહેવાનો મત આપ્યો હતો. કમિશનરે એક ચર્ચા વેળાએ જણાવ્યું હતું કે, ખરેખર ફ્લોર પર આવી શકે એવા પ્રોજેક્ટોને જ બજેટમાં સ્થાન આપવાનો પ્રયાસ કરાયો છે. સુરતને વર્લ્ડ ક્લાસ ઇન્ફ્રસ્ટ્રક્ચર તરફ આગળ વધારવા આયોજન કરાયું છે. કેપિટલ ખર્ચનો લક્ષ્યાંક પણ ૭૦થી ૮૦ ટકા પૂરો કરવાનો પ્રયાસ કરાશે. આમ, પાલિકા કમિશનરે રિયલાસ્ટિક બજેટ પર ભાર મૂક્યો છે. જોકે, તે સાથે જ લોકસભા ચૂંટણીનું વર્ષ હોય વેરાવૃદ્ધિની નહીંવત શક્યતા સેવાઇ રહી છે.

### ગત વર્ષે ૩૦૭ કરોડની વેરાવૃદ્ધિ બાદ રાહત અપાઇ હતી

ગત વર્ષે ૩૧ જાન્યુઆરી, ૨૦૨૩ના રોજ પાલિકા કમિશનર શાલિની અગ્રવાલે ડ્રાફ્ટ બજેટ રજૂ કર્યું હતું. તે વેળાએ ૩૦૭ કરોડની વેરાવૃદ્ધિ સૂચવવામાં આવી હતી. જોકે, ત્યારબાદ નગરજનોમાં નારાજગીને પગલે શાસક પક્ષે કેટલીક રાહત આપી હતી. વધુમાં, ૭૭૦૭ કરોડના ડ્રાફ્ટ બજેટ સાથે જ રેવન્યૂ સરપ્લસ બજેટ રજૂ કરાયું હતું. શહેરી આરોગ્ય સેવાઓ માટે ૫૫૦ કરોડ, શિક્ષણ માટે અધધધ ૬૫૦ કરોડની જોગવાઇ કરવામાં આવી હતી. ૩૮૭૮ કરોડના ખર્ચે નવા વિસ્તારમાં માળખાગત સુવિધા વિકસાવવાનું આયોજન કરાયું હતું.